ગાંધીનગર સમાચાર

ગાંધીનગર મિલીટ્રી સ્ટેશન ખાતે રક્તદાન શિબિર



# સબટીવીની સિરિયલ "યમ હૈ હમ"ના કલાકારો શહેરના મહેમાન બન્યા



(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

ગાંધીનગર, તા. ૪

અભિનય ક્ષેત્રે ગુજરાતીઓનો દબદબો વધી રહ્યો છે. આગામી સમયમાં ગુજરાતીઓ ફિલ્મટીવીક્ષેત્રે છવાઈ જશે. ગુજરાતી ફિલ્મોનો સુવર્ણકાળ એકવાર ફરી આવશે અને



હાલમાં ગુજરાતી ફિલ્મોનું અર્બનાઈઝેશન થઈ રહ્યું છે. તેના કારણે જ આ સમય બનશે. જો ગુજરાતી ફિલ્મમાં સારો રોલ હશે તો કરવા હું તૈયાર છુ. આ શબ્દો ટીવી કલાકાર માનવ ગોહિલના છે. ગાંધીનગર આંગણે આજે પધારેલા સબટીવી પરથી પ્રસારીત થઈ રહેલ "યમ હૈ હમ" ટીવી સિરીયલના કલાકારો મહેમાન બન્યા હતા. આ કલાકારોમાં સિરિયલમાં યમરાજનું પાત્ર ભજવતા માનવ ગોહિલ, ચિત્રગુપ્તનું પાત્ર ભજવતા અતુલ પર્ચુરે અને ચિડિયાઘરની મયુરી ફેઈમ દેવિના બેનર્જી ઈન્ફોસીટી પાસે આવેલ એન.આઈ.સી.એમ. ઈન્સ્ટીટ્યુટ ખાતે ટીવી શૉને પ્રમોટ કરવા માટે આવ્યા હતા. ત્યારે તેમણે ગાંધીનગર સમાચાર સાથેની

**ગુજરાતીઓ અભિનયક્ષેત્રે છવાઈ જશે : માનવ ગોહિલ : મને ગુજરાતી વાનગીઓ ખુબ ભાવે છે : અતુલ પર્ચુરે : ગુજરાતી ભાષા ઘણી સ્વીટ છે : દેવિના બેનર્જી**

વાતચીતમાં જણાવ્યું હતું કે સિરિયલ 'યમ હૈ હમ' માં યમરાજનું પાત્ર ભજવતા માનવ ગોહિલ અત્યાર સુધીમાં કહાની ઘર ઘર કી, કુસુમ, કસોટી જીંદગી કી, સારા આકાશ, બડી દૂર સે આયે હૈ, અદાલત, સહિતની હિન્દી ટીવી સિરીયલો તેમજ નચ બલિયે-૨ જેવા રિયાલીટી શૉ માં ભાગ લઈ ચુક્યા છે. તેઓ ગુજરાતી છે અને ગુજરાતી ફિલ્મ 'સપ્તપદી'માં પણ અગાઉ રીલીઝ થઈ ચુકી છે. માનવ ગોહિલની સાથે સિરીયલમાં ચિત્રગુપ્તનું પાત્ર ભજવી રહેલા અતુલ પર્ચુરે પણ ખુબ જાણીતા કલાકાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## @ગાંધીનગર

● ગુજરાત વિધાનસભાના વિઠ્ઠલભાઈ પટેલ ભવનમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ૧૨૮માં જન્મદિન નિમિત્તે તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે.

● સે-૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે શ્રીકૃષ્ણજન્મોત્સવનો કાર્યક્રમ રાત્રે ૧૦.૦૦ કલાકે યોજાશે.

● સે-૬ સ્થિત મા અંબાના મંદિર ખાતે જન્માષ્ટમી નિમિત્તે ભજન કિર્તન અને દહીં-હાંડીનો કાર્યક્રમ રાત્રે ૮.૩૦ થી૧૨.૦૦ કલાક દરમિયાન યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવમહિમ્ન પાઠ રાત્રે ૯ થી૧૦ કલાકે પુરોહિત દાદાના નિવાસસ્થાન પુજન એપાર્ટમેન્ટમાં યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા જન્માષ્ટમીનો કાર્યક્રમ લગ્નવાડી, સે-૨૩ ખાતે રાત્રે ૯ થી૧૦ કલાક દરમિયાન યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુ રૂદ્રાભિષેક પરેશભાઈ પંડયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૭૫, સે-૨૯ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ સમાજ યુવા પરિવાર દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે બ્રહ્મભવન સે-૧૬ ખાતે રાત્રે ૯ કલાકે ગરબાનો કાર્યક્રમ યોજાશે. ઉપરાંત દહીં હાંડી પણ યોજાશે.

● સે-૨૯ જલારામ ધામ ખાતે રાસ ગરબા, મટકી ફોડનો કાર્યક્રમ રાત્રે ૮.૩૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે તેમજ કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે મહાઆરતી પણ યોજાશે.

● નારદીપુર લંબેનારાયણ આશ્રમ ખાતે જન્માષ્ટમી પર્વનું આયોજન કરાયું છે.

● ગુજરાત રાજયના શ્રેષ્ઠ શિક્ષકોને રાજય પારિતોષિક એનાયત કરવાનો સમારંભ કાર્યક્રમ મહાત્મા મંદિર, સેમિનાર હોલ-૪, સે-૧૩ ખાતે, સવારે ૧૧ કલાકે યોજાશે.

● સે-૨૩માં સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે સંપૂર્ણ ભારતીય સંસ્કાર મુજબ વિવિધ સંસ્થાઓના બાળકો દ્વારા શ્રીકૃષ્ણ પ્રાગટયોત્સવ કરાશે આ ઉજવણીનો પ્રાંરભ રાત્રે ૮.૪૫ કલાકે થશે.

● જીસીઈઆરટી ખાતે જિલ્લાના ૧૨ શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલના અધ્યક્ષપદે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● શીતળા સાતમને લીધે શહેરમાં ઠેર ઠેર પાણીપુરીની લારી પર મહિલાઓનો તડાકો

● પોલીસ દમનનો ભોગ બનનાર પાટીદારો પોતાની રજૂઆત સીધી સીઆઈડી ક્રાઈમને કરી શકશે.

● શુક્ર, શનિ અને રવિવારની રજાઓમાં સાતમ-આઠમ તહેવાર આવતા થિયેટરમાં ફિલ્મની ટીકીટ માટે બુકીંગ હાઉસફુલ.

● શહેરની મહિલાઓએ આજે રાંધવાની રજા હોવાથી હળવાશની પળોમાં દિવસ વિતાવ્યો.

- સમીર રામી
9924446645

# જમનાબાઈના વિદ્યાર્થીઓએ જન્માષ્ટમી અને શિક્ષક દિનની ઉજવણી કરી



ગાંધીનગર, તા. ૪

ગિફ્ટ સીટી ખાતે આવેલી જમનાબાઈ નરસી સ્કૂલમાં આજે ઉજવણીનો માહોલ હતો. અહીં કેમ્પસમાં શિક્ષક દિન અને જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. શાળાએ "કૃષ્ણ" ના વિષય આધારિત 'ફયુઝન' નૃત્ય સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. જે.એન.એસ ગિફ્ટ સીટી ખાતે આજનો દિવસ ખૂબ જ વિશેષ મહત્વ ધરાવતો હતો. નાના બાળકો શિક્ષક દિન અને જન્માષ્ટમી એક સાથે ઉજવી રહ્યા હતા. સવારના સમયે બાળકો માટે ખાસ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમા શિક્ષક દિનની પૂર્વ સંધ્યાએ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને અંજલિ આપવામાં આવી હતી. ત્યાર બાદ જન્માષ્ટમીનો કાર્યક્રમ શરૂ થયો હતો. ભગવાન કૃષ્ણના જન્મના પાવક દિવસને પરંપરાગત રીતે જનમાષ્ટમી તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે પારણાંનું આયોજન કરાયું હતું. ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓએ ભગવાન કૃષ્ણના જન્મ પ્રસંગની ઉજવણી દર્શાવતી સ્કીટ રજૂ કરી હતી. ધો.૪ના વિદ્યાર્થીઓએ ગરબા કર્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ આરતી (આરતી કુંજ બિહારી કી) થી થયો હતો. સંસ્થાના સંકુલમાં પવિત્રતા તથા હકારાત્મકતાનો ભાવ પેદા થાય તેવું વાતાવરણ સર્જાયું હતું. આજનો દિવસ ખૂબ જ ઉત્સાહપ્રદ હતો. જેએનએસ પરિવારના તમામ સભ્યોએ આનંદ અને ઉત્સાહથી આ પ્રસંગની ઉજવણી કરી હતી.

## શિક્ષક દિને રાજયપાલશ્રીનો સંદેશ

ગાંધીનગર, તા.૪

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે મહાન વિદ્વાન, તત્વચિંતક અને પ્રખર શિક્ષણશાસ્ત્રી તથા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન ૫ મી, સપ્ટેમ્બરને 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. તેમણે જણાવ્યું છેકે આપણી નવી પેઢીના જીવન ઘડતરમાં શિક્ષકોએ પાયાની ભૂમિકા નિભાવવાની છે.

રાજયપાલશ્રીએ કહ્યું કે શિક્ષકો જ્ઞાનનો ભંડાર છે. તેના જીવનના આદર્શો વિદ્યાર્થીઓ માટે ઉદાહરણ છે, જે તેમને શિસ્ત પ્રમાણિકતા અને નૈતિક મૂલ્યોને જીવનમાં આત્મસાત કરવાની પ્રેરણા આપે છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ શિક્ષકનું હંમેશા આદર સન્માન કરવું જોઈએ. અને તેમના ચિંધેલા માર્ગ પર આગળ વધી દેશ અને સમાજની ઉન્નતી માટે સમર્પિત થઈ પોતાનું કર્તવ્ય નિભાવવું જોઈએ.

# મધર ડેરી સંકુલમાં એક યુવાન બે મિની ટ્રક વચ્ચે ચગદાઈ ગયો

**ડેરીનો સામાન લોડ કરવા બેફામ સ્પિડે મીની ટ્રક રીવર્સ લેતા પાછળ ઉભેલો યુવાન બે મીની ટ્રક વચ્ચે પિલાયો : ઘટના સ્થળે જ મૃત્યુ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ઈન્દીરાબ્રીજ હાઈવે પર સ્થિત મધર ડેરી કમ્પાઉન્ડમાં ગઈ સાંજે ૨૪ વર્ષિય યુવાન પોતાની મીની ટ્રકમાં સામાન લોડ કરાવી રહ્યો હતો. બીજી એક મીની ટ્રક બેફામ ગતિએ રીવર્સમાં આવી અને જેનો ટ્રક લોડ થઈ રહ્યો હતો તે યુવાનને અડફેટે લઈ લેતા બે ટ્રક વચ્ચે ચગદી માર્યો હતો. અડાલજ પોલીસે ઘટના અંગે ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે. આરોપી ટ્રકચાલક પળવારમાં જ ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ ચગદાઈ ગયેલા યુવાનનું બનાવ સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ સરદારનગર અમદાવાદ ખાતે રહેતો ૨૪ વર્ષિય યુવાન રાકેશ નારણભાઈ દરજી પોતાની બંધ બોડીની મીની ટ્રક નં. જીજે-૧૮-એક્સ-૯૯૯૮માં મધર ડેરી કમ્પાઉન્ડમાં ડેરીનો માલ સામાન લોડ કરાવી રહ્યો હતો. તે દરમ્યાન બીજો એક શખ્સ માલસામાન લોડ કરાવવા તે જ સમયે મીની ટ્રક નં. જીજે-૧સીયુ-૬૧૮૬ લઈને આવ્યો..! બેફામ ગતિએ પાછળ જોયા વગર જ તેણે મીની ટ્રક રીવર્સ મારી અને પાછળ ઉભેલા રાકેશને ટક્કર મારી ઢસડીને તેના લોડ થઈ રહેલા મીની ટ્રક સુધી લઈ ગયો હતો. બે મીની ટ્રક વચ્ચે પિલાઈ જતા આસપાસના લોકોએ બુમાબુમ કરતાં તે ગભરાઈ ગયો અને મીની ટ્રક થોડી આગળ લઈ જઈને મીની ટ્રક ત્યાં જ મુકીને તે શખ્સ ફરાર થઈ ગયો હતો. જ્યારે રાકેશનું ઘટનાસ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. અડાલજ પોલીસે મૃતકના પિતા નારણભાઈ ભગવાનભાઈ દરજીની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને પીએસઆઈ ઝાલાએ વધુ તપાસ શરૂ કરી છે.

## સ્વામીનારાયણ ગુરુકુળ દ્વારા જન્માષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૪

પ્રતિવર્ષની જેમ શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, ગાંધીનગર સંચાલિત તમામ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શનિવારે જન્માષ્ટમી નિમિત્તે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરુકુળના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભગવાન શ્રીવિષ્ણુના દશાવતારને નૃત્ય તેમજ નાટિકા સ્વરૂપે રજૂ કરશે. કાર્યક્રમ રાત્રે ૮.૪૫ કલાકથી આરંભ પામશે.

## જાગૃત નાગરિક પરિષદના ઉપક્રમે સોમવારે જાહેર વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સંસ્થાના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને તા. ૭મી સપ્ટેમ્બરના સોમવારે સે-૨૧માં આવેલ નમન એપાર્ટમેન્ટમાં મળશે. જેમાં જાણીતા કર્મશીલ એવા જાગૃત નાગરિકશ્રી ગૌરવ પંડિત ગુજરાતમાં પાણી પ્રશ્ને સરકાર અને નાગરિકોની જાગૃતિ વિષય ઉપર વાર્તાલાપ આપશે. ત્યારબાદ કારોબારી બેઠકની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. બેઠકમાં નાગરિકો, પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો હાજર રહેશે તેમ મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## આવતીકાલે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ખાતે છેલ્લાં દોઢ વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. તા. ૬ સપ્ટેમ્બરના રોજ સવારે સાડા સાત વાગ્યાથી સાડા નવ સુધી ઘ-૪ના સર્કલ પાસે ઉદ્યોગભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવને ઉજાગર કરવાનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો આશય છે. ગુજરાતમાં વિવિધ શહેરોમાં આવી પુસ્તક પરબોનું આયોજન કરવામાં આવે છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે સર્વશ્રી કિશોર જિકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, અશોકભાઈ ત્રિવેદી, ધૂર્જટિ પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી, દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

## શ્રીજી ની હવેલી ખાતે જન્માષ્ટમી અને નંદ મહોત્સવ ઉત્સવના દર્શનના સમય

ગાંધીનગર, તા. ૪

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે જન્માષ્ટમી અને નંદમહોત્સવની ખૂબ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. આથી તા. ૫ અને ૬ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ દર્શનનો સમય નીચે મુજબ રહેશે જેની વૈષ્ણવોએ નોંધ લેવા વિનંતી છે.

તા. ૫-૯-૨૦૧૫ના રોજ મંગળા સવારે ૫.૩૦ થી ૬.૦૦, પંચામૃત ૬.૩૦ થી ૭, શૃંગાર ૧૦.૩૦ થી ૧૧.૦૦, રાજભોગ ૧૨.૦૦ થી ૧૨.૩૦, ઉત્થાપન સાંજના ૬.૩૦ થી ૬.૪૫, સંધ્યા આરતી ૭.૧૫ થી ૭.૪૫, શયન રાત્રે ૮.૪૫ થી ૯.૧૫, જાગરણ રાત્રે ૧૦ થી૧૧.૩૦, જન્મ પંચામૃત રાત્રે ૧૨.૦૦ થી ૧.૦૦

તા. ૬-૯-૨૦૧૫ નંદ મહોત્સવના રોજ મંગળા અને શૃંગાર ભીતરમાં થશે. નંદ મહોત્સવ સવારે ૯ થી ૧૦, રાજભોગ ૧૧ થી ૧૧.૩૦ જયારે સાંજના દર્શન યથાવત રહેશે.

## ગાંધીનગર મિલીટ્રી સ્ટેશન ખાતે રક્તદાન શિબિર



૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં મળેલા ભારતના વિજયની સુવર્ણજયંતિ ઉજવવા માટે ગાંધીનગર મિલીટ્રી સ્ટેશન દ્વારા પ્રભાત અલી બ્રિગેડ ખાતે શુક્રવારે અમદાવાદ બ્લડ બૅન્કના સહકારથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મિલીટ્રી સ્ટેશનના કમાન્ડર બ્રિગેડીયર ઈન્દ્રજિંત સિંઘ દ્વારા શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ૩૦૦ જેટલા રક્તદાતાઓએ આ શિબિર અંતર્ગત રક્તદાન કર્યું હતું.

# ગામ સાથેના સંબંધે અનેક જીંદગી સજાવતુ દંપતિ

**બલિપ્રથા, બાળલગ્ન અને બિમારીમાં માનતા જેવા કુરિવાજો ગામમાં ઘર કરી ગયા હતા : યૌવન નશાખોરી અને વ્યસનની લતે ચઢેલુ હતુ : હવે ગામમાં વાર તહેવારે સુખડી વહેંચાય છે**





"આ ગામમાં જ્યારે અમે આવ્યા ત્યારે પહેલા બે વર્ષ તો તંબુમાં રહ્યાં, પછીના પાંચેક વર્ષ વાંસના બનાવેલા મકાનમાં રહ્યા અને હવે એક ખેતર ખરીદી આ પાકુ મકાન બનાવ્યું છે. આ ગામમાં પહેલા કોઈ બિમાર પડે તો બસ માત્ર બળિયાદેવની અથવા માતાની માનતા લેવાતી પણ દવા કોઈ લેતુ નહી. વાર-તહેવારે બકરા વધેરવાની પ્રથા હતી અને બાળલગ્નોના કારણે બાળ મરણનું પ્રમાણ ઘણુ હતુ. જે બાળક જીવી જાય તે પણ લર્નિંગ ડિસેબીલીટી ધરાવતુ હોય તેવી હાલત હતી. આજે ગામમાં કોઈ બિમાર થાય તો મારા ઘરે રાખેલ દવાની પેટીમાંથી ગ્રામજનો મને પૂછ્યાં વગર જ દવા લઈ જાય છે. હવે બકરા વધેરવાને બદલે સુખડી વહેંચાય છે અને બાળલગ્નો તો અટકી ગયા જ છે પરંતુ ૨૦ વર્ષની દિકરીને સાસરે વળાવવા માટે પણ મા-બાપ આનાકાની કરે છે." આ શબ્દો છે એવા દંપતિના જેમણે પરાયા ગામને કુરિવાજો અને વ્યસનમાંથી બહાર કાઢી પોતિકુ બનાવ્યું.

ગાંધીનગર જિલ્લાના નાનકડા રાજપુર ગામની પ્રાથમિક શાળામાં વર્ષ ૨૦૦૧માં શિક્ષણ તરીકે નિમણૂંક પામેલા બિન્દુબેન ઝાલા તેમના પતિ પ્રાર્થેશ પંડ્યા સાથે ગામમાં રહેવા આવ્યાં ત્યારે અહીં કુરિવાજો અને વ્યસનની વેદી પર હોમાતી ગ્રામજનોની જીંદગી જોઈ છળી ઉઠ્યા હતા. માંડ પોણા ત્રણસો ગ્રામજનોની વસ્તી ધરાવતા ખોબા જેવડા ગામમાં દારૂ, તમાકુ, ગુટખા અને માંસાહારની આદતો પાર વિનાની હતી અને વાતે ને વાતે ઝઘડા થવા ખૂબ સામાન્ય બાબત હતી. પતિ પાર્થેશ પંડ્યા અમદાવાદ ખાતે પર્યાવરણ શિક્ષણ કેન્દ્રમાં અધિકારી હતા એટલે આખો દિવસ નોકરીએ હોય અને બિન્દુબેન ગામની સરકારી પ્રાથમિક શાળામાં આંગળીના વેઢે ગણાય તેટલા બાળકોને અન્ય શિક્ષિકાઓ સાથે ભણાવવાના પ્રયાસોમાં લાગ્યા હોય. માંડ એકાદ બાળક સરખું ભણે ના ભણે ત્યાં તો તેના લગ્નની શરણાઈઓ વાગવા લાગે અને પછી બાળક સામાજીક રીતરિવાજો પાછળ જોતરાઈ જાય એટલે શિક્ષણ તેના માટે માત્ર સમય પસાર કરવાના વિકલ્પ પુરતુ જ સિમિત રહે.

ક્યારેક ગામમાં રાત્રિના સમયે ડાકલાં વાગે એટલે ખબર પડે કે માતાની જાતર છે અને બકરો વધેરાશે. ગામમાં કોઈના કુટુંબમાં મોટો પુત્ર પાંચ વર્ષનો થાય એટલે તેની બાબરી ઉતારાય ત્યારે માતાને બે બકરાની બલિ ચઢાવાય.જ્યારે



પહેલીવાર આ બલિ વિશે ખબર પડી એટલે દંપત્તિને આઘાતની લાગણી થઈ એટલે મનની શાંતિ માટે તેમણે ઉપવાસ કર્યો. બીજી વાર ગામમાં જ્યારે બલિ ચઢાવવાની છે તેવી વાત મળી ત્યારે આ દંપતિએ ધાર્મિક ક્રિયા કરાવનાર ભૂવાને ચીઠ્ઠી લખી કે તમે બલિ ચઢાવશો તો અમે ઉપવાસ કરીશુ. જમાનાના ખાધેલ વ્યવહારૂ ભૂવાએ સલાહ આપી કે તમે આખો મહિનો ભૂખ્યાં રહેશો તો પણ કોઈને અસર નહી થાય. પરંતુ દંપતિના આ નાનકડા સાહસની ગામમાં અસર પડી અને ગ્રામજનો ગભરાયાં. રાત્રે દંપતિને બોલાવી ગ્રામજનોએ કહ્યું કે તમે બલિ રોકશો તો માતા તમારું નુકશાન કરશે પરંતુ બેલડીએ ઉત્તર જણાવ્યો કે તમે જ્યારે જ્યારે બલિ ચઢાવશો ત્યારે ત્યારે અમે ઉપવાસ કરીશુ. અંતે બીજા દિવસે ભૂવાએ ગ્રામજનો સાથે આવીને પોતાના હાથે સુખડી ખવડાવી પારણા કરાવ્યા. પછી તો દર બલિએ અગાઉ કરતા બમણાં ઉપવાસ ચાલુ કર્યા અને જ્યારે ૩૨ ઉપવાસ સુધી વાત પહોંચી ત્યારે ગ્રામજનો પણ કૂણાં પડી ગયા હતા. બસ ત્યારથી ધીમે ધીમે ગામમાં બલિ પ્રથા બંધ થઈ અને તેના બદલે સુખડી વહેંચવાની પ્રથા ચાલુ થઈ.

પહેલા ગામમાં કોઈ બિમાર પડે એટલે બળિયાદેવ અને દેવીમાતાનું મંદિર જ શોધે અને માનતા લેવાય પણ દવા ના લેવાય. દવા લે તો માતા નારાજ થઈ જાય તેવી દઢ માન્યતા. આ દંપતિએ દવા લેવા ના માનતા બિમાર ગ્રામજનોને ફળ અને ગ્લુકોઝ આપવાનું ચાલુ કર્યુ. જેના કારણે દર્દીમાં શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધતા જલ્દી સાજા થવા લાગતા અને તેમની માતા નુકશાન નહી કરે તેવી માનતા પણ સચવાવા લાગી. આમ કરવાથી ગામમાં બાળમરણનું પ્રમાણ ઘટ્યું અને માંદગીમાં ઘટાડો થયો છેવટે ધીમે ધીમે ગ્રામજનોએ દવા લેવાનું ચાલુ કર્યુ. આજે છાપામાં આવે કે સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ કે ચિકનગુનિયાનો ખતરો છે અને તે દિવસે ગામ આખુ દંપતિ પાસેથી સુદર્શન ધનવટી લઈ જાય છે. આ ધનવટી વાઈરલ બિમારીઓમાં રસીનું કામ કરે છે. એક સાથે આખુ ગામ લે એટલે માસ ઈફેક્ટના કારણે ગામમાં બિમારી ફેલાતી જ નથી.

સૌથી વધુ કપરું કામ તો બાળલગ્નો અટકાવાનું હતું. પહેલીવાર જ્યારે વિરોધ કર્યો ત્યારે ભારે હોહા મચી ગઈ અને બાળકના માતા-પિતા તેમની પાસે આવીને રડ્યાં અને વિનવણી કરી કે આ લગ્ન નહીં થાય તો અમારે ગામ છોવું પડશે. છેવટે એ લગ્ન ના રોકી શકાયા પરંતુ તેઓ એ લગ્નમાં શામેલ ના થયા. બીજા બાળલગ્નની માહિતી મળતા તેને અટકાવ્યા તો ગ્રામજનો ઉપરાંત રાજકિય દબાણ પણ દંપતિ પર આવવા લાગ્યાં કે તમે શું કામ ગામની બાબતોમાં માથુ મારો છો ? પણ દંપતિએ કહ્યું આ ગામ હવે અમારૂ છે. છેવટે વેવાઈને સમજાવી એ લગ્ન અટકાવ્યાં ત્યારથી આ પ્રથા બંધ થઈ. આજે જ્યારે ગામમાં કોઈના પણ ઘરે લગ્ન હોય ગણેશ દોરવા બિન્દુબેનને જ બોલાવાય છે અને જો વરઘોડિયા વયસ્ક હોય તો જ "બેન" ગણેશ દોરી આપે છે.

આ દંપતિની આપસી સમજણ અને એકમેકના સાથના કારણે ગામ આખું બલિ અને બાળલગ્ન જેવા કુરિવાજો જ નહીં પરંતુ નશાખોરી અને વ્યસનમાંથી મુક્ત થયું છે, ગામમાં કોઈ માંસાહાર નથી કરતુ અને ગામના બાળકોની બાબરી વખતે આખા ગામમાં સુખડી વહેંચાય છે. ખરેખર એક આ દંપતિના સંબંધે આખા ગામની જીંદગી સજાવી દીધી.